# ભારતીય જનતા પક્ષ

(કેન્દ્રીય કાર્યાલય)

૧૧, અશોક રોડ, નવી દિલ્હી-૧૧૦૦૦૧

# સરહદ પારના આતંકવાદ બાબતે ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ શ્રી રાજનાથ સિંહનું નિવેદન

અફઝલ ગુરુને અપાયેલી ફાંસી વિષે પાકિસ્તાન સંસદના ઠરાવને ભારતીય જનતા પક્ષે વખોડી કાઢ્યો છે અને તેને ભારતની આંતરિક બાબતોમાં હસ્તક્ષેપ ગણાવ્યો છે. ભારત સાથેનાં રાજદ્વારી સંબંધોની બાબતમાં પાકિસ્તાને તમામ હદોને ઓળંગી દીધી છે. ભાજપ મક્કમપણે માને છે કે ભારતમાં કરાતા તમામ આતંકવાદી કૃત્યો પાકિસ્તાન પ્રેરિત હોય છે. હવે પાકિસ્તાને અફઝલ ગુરુ વિષે ઠરાવ પસાર કરીને પોતે આતંકવાદી જુથોને ટેકો આપતું હોવાની બાબત પર મંજુરીની મહોર લગાવી છે.

બદનસીબે આતંકવાદનો મુકાબલો કરવા આપણી કેન્દ્ર સરકાર પાસે કોઈ કાર્ય યોજના નથી. સરકાર પાકિસ્તાન પ્રેરિત આતંકવાદ વિરુદ્ધ આકરા પગલા લેવા તૈયાર થાય તો ભાજપે સરકારને સંપૂર્ણ ટેકો પુરો પાડવાની ખાતરી આપી છે. પરંતુ સરકારે અમને તેમજ દેશની જનતાને નારાજ કરી છે. યુપીએ સરકાર પોતાની શક્તિ દેશને આતંકવાદ સામે રક્ષણ આપવાને બદલે ભાજપની વિરુદ્ધમાં ઉપયોગ કરી રહી હોવાનું જણાય છે.

ભારતીય સૈનિકોનો શિરચ્છેદ, હૈદ્રાબાદમાં બોમ્બધડાકા અને શ્રીનગરમાં સીઆરપીએફ કેમ્પ પર હુમલો જેવી ઘટનાઓએ સરહદ પારના આતંકવાદ વિરુદ્ધ લડવામાં યુપીએ સરકાર નાકામિયાબ રહ્યાનું બતાવી આપ્યું છે. યુપીએ

સરકારે આતંકવાદથી આપણા શહેરો અને જનતાને બચાવવા કોઈ નક્કર પગલાઓ લીધા નથી.

શ્રીનગરમાં ફિદાયીન હુમલાને પગલે ભાજપ એવી માગણી કરે છે કે ભારતે પાકિસ્તાન સાથેનાં રાજદ્વારી સંબંધો તાત્કાલિક તોડી નાખવા જોઈએ. પાકિસ્તાનની ધરતી પરથી ભારતમાં કોઈપણ આતંકવાદી પ્રવૃત્તિઓને ટેકો નહિ અપાય એવું વચન પાકિસ્તાને આપણને જાન્યુઆરી-૨૦૦૪મા આપ્યું હતું. હવે પાકિસ્તાન તે વચનનું પાલન ન કરે ત્યાં સુધી કેન્દ્ર સરકારે બંને દેશો વચ્ચેના સંબંધોમાં સુધારણા માટે લેવાઈ રહેલા વિશ્વાસ-વર્ધક પગલાઓ હાલ પુરતા રોકી દેવા જોઈએ.

આવા પગલા છતાં પાકિસ્તાન આતંકવાદીઓને ટેકો આપવાનું બંધ ન કરે તો ભારતે ઇસ્લામાબાદમાંથી હાઈકમિશનરને પાછા બોલાવી લેવા જોઈએ. યુપીએ સરકારની ઢીલી નીતિથી પાકિસ્તાન આતંકવાદીઓને અને અન્ય ભારત-વિરોધી પરિબળોને વધુને વધુ સમર્થન આપતું થયું છે. અફઘાનિસ્તાનમાંથી ૨૦૧૪માં નાટોનાં લશ્કરી દળો હટાવી લેવાય ત્યારપછી પરિસ્થિતિ વધુ વણસે એવી સંભાવના છે.

ભાજપ માને છે કે આપણા પ્રદેશમાં શાંતિ જળવાઈ રહે તેના માટે લશ્કરી દળોને પડકારોનો મુકાબલો કરવા સુસજ્જ બનાવવા જરૂરી છે. યુપીએ સરકારે ભારતીય લશ્કરી દળોમાં સૈનિકોની સંખ્યા વધારવા ઉપરાંત તેનું ઝડપી આધુનિકીકરણ કરવાની આવશ્યકતા છે.  શાંતિ શક્તિ વધારવાથી જ આવશે નહિ કે નબળાઈ વધારવાથી.

પાકિસ્તાનની સંસદે કરેલા ઠરાવને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારે તે કૃત્યને વખોડી કાઢવું જોઈએ એવી અપીલ ભાજપ કરે છે. તેના માટે ભારતીય

સંસદમાં સર્વસંમતિથી એક ઠરાવને બહાલી આપવી જોઈએ. તે ઉપરાંત સરકારે આતંક સામે લડવાનો દૃઢ નિર્ધાર વ્યક્ત કરવો જોઈએ. આવો ઠરાવ ખુદ વડા પ્રધાને જ લાવવો જોઈએ.

સરકારે પાકિસ્તાન પર દબાણ કરીને આતંકવાદ સામે કડક વલણ અપનાવવું જોઈએ. યુપીએ સરકાર પાકિસ્તાન પર આવા રાજદ્વારી કૌશલ્યો વડે આતંકવાદનો મુકાબલો નહિ કરે તો તે ભારતને ઘાયલ કરવાના કૃત્યો ચાલુ જ રાખશે.

(ઓ.પી.કોહલી)
હેડક્વાર્ટર ઇન્ચાર્જ